GJDH090000502025

Presented on : 26-05-2025
Registered on : 26-05-2025
Decided on : 12-08-2026
Duration : 1 years, 2 months, 17 days

## દાહોદ જીલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નિમાયેલ કમિશ્નરશ્રી પી.એસ.સુચક સાહેબ સમક્ષ, મું.દાહોદ.

**વ.કો. નોન ફેટલ અરજી નં.૦૮/૨૦૨૫**
**આંક : ૧૮**

**અરજદાર :** સંજયભાઈ કાળાભાઈ ભાભોર
મુળ રહે. ગેહલોર ગેલ કંપની સામે, તા.જી.ઝાબુઆ.
હાલ રહે. બોરડી સરકારી, તા.જી.દાહોદ.

**– :: વિરુધ્ધ :: –**

**સામાવાળા :** શ્યામ સિમેન્ટ બીગબ્લોક કન્ટ્રકશન ટેકનોલોજી પ્રા. લી.
શ્યામ સિમેન્ટ બીગબ્લોક કન્ટ્રકશન ટેકનોલોજી પ્રા. લી.
રમોસડી સીમ, તા.કપડવંજ, જી.ખેડા–નડીયાદ.

**પ્રતિનિધિત્વ :–**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એસ.બી.મેડા
સામાવાળા તરફે : ગેરહાજર

**વિષય :– કામદાર વળતર ધારા–૧૯૨૩ હેઠળ વળતર મેળવવા બાબત ...**

**-:: હુકમ ::-**

(૧) હાલના અરજદારે કામદાર વળતર ધારા હેઠળ વળતર મેળવવા માટે આ અરજી દાખલ કરી જણાવેલ છે કે, અરજદાર સામાવાળા કંપનીમાં મજુરી કામ કરતા હતા. અરજદાર સામાવાળા કંપનીમાં મજુરી કામ કરતા હોય સદરહું કંપનીના સુપરવાઈઝર નાઓએ તા.૦૯/૦૮/૨૦૨૪ ના રોજ કુવાની મોટરની સાફ સફાઈ કરવા જણાવતા અરજદાર કુવાની અંદર ઉતરેલ ત્યારે અચાનક કોઈક ઈસમ દ્વારા મોટર ચાલુ કરતા મોટરના પંખાનું પાખીયુ અરજદારના ડાબા પગે ઝપટાઈ ગયેલ અને અરજદારને ડાબા પગે ગંભીર ઈજા થયેલ અને તે વખતે કંપનીના માણસોએ કુવામાથી બહાર કાઢી કપડવંજ મારૂતી હોસ્પિટલ ખાતે લઇ થયેલ જયાં અરજદારની દસ દીવસ સારવાર કરવામાં આવેલ હતી. સદરહું અકસ્માતથી અરજદારને કાયમી ખોડ રહી ગયેલ જેથી અરજદારે સામાવાળા માલીક અને સુપરવાઈઝરને અકસ્માત વળતર અંગેની માંગણી કરતા જે ચુકવી આપેલ ન હોય અરજદારે હાલની અરજી કરેલ છે. આ કામના સામાવાળા અરજદારને માસીક રૂ. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ચુકવતા હતા. જેથી માસીક પગારના ૬૦% ગણતા રૂ.૯૦૦૦/- તથા બનાવ સમયે અરજદારની ઉંમર ૨૧ વર્ષ હોય જે ઉંમરના રીલેવન્ટ ફેકટર ૨૨૨.૭૧ મુજબ ગણતરી કરતા અરજદાર આ કામના સામાવાળા પાસેથી રૂ. ૨૦,૦૪,૩૯૦/- (અંકે રૂપિયા વીસ લાખ ચાર હજાર ત્રણસો નેવું પુરા) અકસ્માત વળતરના નાણા મેળવવા હકકદાર થાય છે. જે નાણા સામાવાળાએ આજદીન સુધી ચુકવી આપેલ નથી. જેથી અરજદારે વળતરની રકમ તથા ૫૦ % પેનલ્ટીની રકમ તથા અકસ્માત બન્યા તારીખથી ૧૮ % વ્યાજ સહીત તથા અરજી ખર્ચના રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) અરજદારને ચુકવી આપવાનો સામાવાળાને હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) આ કામના સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ સામાવાળાને બજી ગયેલ છે, પરંતુ સામાવાળા તરફે હાજર થઈ કોઈ જવાબ

રજુ કરેલ ન હોય અરજદારની આંક– ૦૭ ની અરજી હેઠળ હુકમ કરી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૩) આ કામના અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–:દસ્તાવેજી પુરાવો:–**

આંક–૦૩ થી અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક/ નિશાન |
|---|---|---|
| ૧ | અરજીની કાયદેસરની કાર્યવાહી કરવાની ખરી નકલ | આંક–૧૧ |
| ૨ | જયેશકુમાર ધરમદાસ રાઠોડના નિવેદનની ખરી નકલ | આંક–૧૨ |
| ૩ | પંકજકુમાર રામનાથ યાદવની નિવેદનની ખરી નકલ | આંક–૧૩ |
| ૪ | યોગેશભાઈ ભાણાભાઈ આહીર તથા સંજય બનવારીલાલના નિવેદનની ખરી નકલ | આંક–૧૪ |
| ૫ | મારૂતી હોસ્પિટલમાં કરાવેલ સારવારના બીલની ઝેરોક્ષ નકલ | નિ.૦૩/૫ |
| ૬ | અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | નિ.૦૩/૬ |
| ૭ | અરજદારના ખોડના સર્ટી.ની ખરી નકલ | નિ.૦૩/૭ |
| ૮ | અરજદારના ભાડા ચીઠ્ઠીની ખરી નકલ | નિ.૦૩/૮ |
| ૯ | અરજદારના જાતિના દાખલાની ખરી નકલ | નિ.૦૩/૯ |

(૪) આ કામના અરજદાર તરફે આંક–૦૯ થી અરજદાર સંજયભાઈ કાળાભાઈ ભાભોરનું પુરાવાનું સોગદનામું રજુ થયેલ છે. આ કામના સામાવાળા તરફે કોઈ હાજર થયેલ નથી કે કોઈ જવાબ રજુ કરેલ નથી કે કોઈ

મૌખીક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. આ કામે સામાવાળાને અરજદારના સરતપાસના સોગંદનામાની નકલ પણ મોકલેલ છે જે અંગેનો આધાર આંક–૧૪ અને ૧૫ થી રજુ કરેલ છે પરંતુ સામાવાળા ઈરાદા પૂર્વક ગેરહાજર રહેલાનું જણાય આવે છે.

**(૫)** સદરહું કામે અરજદારની અરજી હેઠળ હુકમ કરી સામાવાળાનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. સામાવાળા તરફે કોઈ હાજર થયેલ ન હોય અરજદારની અરજી હેઠળ હુકમ કરી સામાવાળાનો સાક્ષી પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે દલીલો સાંભળવામાં આવેલ છે. સામાવાળા તરફે કોઈ હાજર ન હોય સામાવાળા તરફે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

**(૬)** અરજદારની અરજી તથા કેસની હકકીતોને આધારે આ કામે નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે તેઓ અને સામાવાળા વચ્ચે કામદાર–માલિકનો સબંધ હતો ?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે તેઓને સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માતે ઈજા થયેલી છે ?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓને થયેલ અકસ્માત ઈજાને કારણે કાયમી/હંગામી, આંશિક/પુરેપુરી અશકતતા આવેલી છે ? જો હા તો કેટલી ?

(૪) અકસ્માતની તારીખે અરજદારની ઉંમર અને માસીક પગાર શું હતા ?

(૫) શું અરજદાર સામાવાળા પાસેથી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે ?

(૬) શું અરજદાર સામાવાળા પાસેથી વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચની રકમ મેળવવા હકકદાર થાય છે ?

(૭) આખરી શો હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ અંગેનાં ટુંકમાં જવાબો નીચે મુજબ છે.

મુધ્દા નં. ૧: હકારમાં

મુધ્દા નં. ૨: હકારમાં

મુધ્દા નં. ૩ : હકારમાં

મુધ્દા નં. ૪: હકારમાં

મુધ્દા નં. ૫: હકારમાં

મુધ્દા નં. ૬: હકારમાં

મુધ્દા નં. ૭: આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

(૮) આ કામે મુધ્દા નં.૧, ૨ ના કારણો નીચે મુજબ છે.

૮.૧ આ કામે સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા અરજદાર સામાવાળા કંપનીમાં મજુરી કામ કરતા હોય સદરહું કંપનીના સુપરવાઈઝર નાઓએ તા.૦૯/૦૮/૨૦૨૪ ના રોજ કુવાની મોટરની સાફ સફાઈ કરવા જણાવતા અરજદાર કુવાની અંદર ઉતરેલ ત્યારે અચાનક કોઈક ઈસમ દ્વારા મોટર ચાલુ કરતા મોટરના પંખાનું પાખીયુ અરજદારના ડાબા પગે ઝપટાઇ ગયેલ અને અરજદારને ડાબા પગે ગંભીર ઈજા થયેલ અને તે વખતે કંપનીના માણસોએ

કુવામાથી બહાર કાઢી કપડવંજ મારૂતી હોસ્પિટલ ખાતે લઇ થયેલ જયાં અરજદારની દસ દીવસ સારવાર કરવામાં આવેલ હતી. સદરહું અકસ્માતથી અરજદારને કાયમી ખોડ રહી ગયેલ હોય તેવી હકીકત જણાવેલ છે. જે હકીકતે અરજદારે પોતાના સરતપાસના સોગંદનામામાં સમર્થન આપેલ છે. આ કામે અરજદાર ધ્વારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા પણ અરજદાની અરજીની હકીકતને સમર્થન મળતુ હોવાની હકીકત જણાય આવે છે.

૮.૨ આ કામે સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા અરજદારનું સામાવાળાની નોકરીની ફરજ દરમ્યાન અરજીમાં જણાવેલ તારીખે નોકરીની ફરજ દરમ્યાન અકસ્માત થયેલાની હકકીત પુરવાર થાય છે. તેમજ આ કામે અરજદારે અરજી તથા સોગંદનામામાં જણાવ્યા મુજબ અરજદાર અને સામાવાળા વચ્ચે માલીક અને નોકરનો સંબઘ હોવાની હકીકત પુરવાર થતી હોય મુધ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

૮.૩ આ કામે સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા અરજદાર સામાવાળાની નોકરીની ફરજ દરમ્યાન અરજીમાં જણાવ્યા મુજબ અકસ્માત થતા ઈજા થયેલાની હકીકત પુરવાર થતી હોય જે હકીકતનું ખંડન કરવા સામાવાળાને નોટીસ બજવા છતાં હાજર રહેલ ના હોય તેમજ કામદાર ધ્વારા સરતપાસના સોગંદનામાને પણ રજીસ્ટર એ.ડી.ની નોટીસથી બજવણી કરેલ હોય જે ધ્યાને લેતા સામાવાળા ઈરાદા પૂર્વક નોટીસ બજેલ હોવા છતાં ગેરહાજર રહેલા અને ત્યારબાદ સરતપાસના સોગંદનામાની બજવણી વખતે પણ બજવણી થયા બાદ ઈરાદા પૂર્વક ગેર હાજર રહેલ હોય, આમ સામાવાળા ઈરાદા પૂર્વક ગેર હાજર રહેલાનું જણાય આવે છે. તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા અરજદાર અને સામાવાળા વચ્ચે માલીક અને નોકરનો સબંઘ

હોવાની હકીકત પુરવાર થતી હોય મુધ્દા નં.ર નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૯) આ કામે મુધ્દા નં.૩ ના કારણો નીચે મુજબ છે.

૯.૧ આ કામના અરજદાર તરફે તેઓની અરજીમાં જણાવ્યા મુજબ અરજદાર સામાવાળા કંપનીમાં મજુરી કામ કરતા હોય સદરહું કંપનીના સુપરવાઈઝર નાઓએ તા.૦૯/૦૮/૨૦૨૪ ના રોજ કુવાની મોટરની સાફ સફાઈ કરવા જણાવતા અરજદાર કુવાની અંદર ઉતરેલ ત્યારે અચાનક કોઈક ઈસમ દ્બારા મોટર ચાલુ કરતા મોટરના પંખાનું પાખીયુ અરજદારના ડાબા પગે ઝપટાઇ ગયેલ અને અરજદારને ડાબા પગે ગંભીર ઈજા થયેલ અને તે વખતે કંપનીના માણસોએ કુવામાથી બહાર કાઢી કપડવંજ મારૂતી હોસ્પિટલ ખાતે લઈ થયેલ જયાં અરજદારની દસ દીવસ સારવાર કરવામાં આવેલ હતી. સદરહું અકસ્માતથી અરજદારને કાયમી ખોડ રહી ગયેલ. વધુમાં અરજદાર તરફે નિ.૩/૭ થી જેનબ નર્સીંગ હોમનું ડીસએબીલીટી સર્ટીફીકેટ રજુ કરેલ છે અને તેમાં ૨૧ % ની કાયમી ખોડ આવેલ છે તેવું જણાવેલુ છે. આ કામે અરજદારની અરજી તથા સરતપાસનું સોગંદનામું તથા નિ.૩/૭ નું ડીસએબીલીટી સર્ટીફીકેટ ધ્યાને લેતા અરજદારને ૨૧ % ખોડ હોવાની હકીકત જણાવેલ છે. જે હકીકતને સામાવાળા ઘ્વારા ઉલટતપાસમાં ચેલેન્જ કરેલ ના હોય જે ધ્યાને લેતા આ કામે કામદારને ૨૧ % કાયમી ખોડ રહેલાની હકીકત પુરવાર થાય છે. આમ, મુધ્દા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૦) આ કામે મુધ્દા નં.૪ ના કારણો નીચે મુજબ છે.

૧૦.૧ આ કામના અરજદાર ઘ્વારા તેઓની અરજીમાં તેઓની ઉંમર બનાવ વખતે ૨૧ વર્ષની હોવાનું જણાવેલ છે તેમજ અને આ લગત તેઓની

જુબાનીમાં પણ પુરાવો આપેલ છે તેમજ આ કામના સામાવાળા દવારા કોઈ જવાબ રજુ કરેલ નથી કે આ બાબતનો ઈન્કાર કરેલ નથી. અરજદાર તરફે નિ.૩/૬ થી તેમનું આધાર કાર્ડ રજુ કરેલ છે. જેમા તેઓની જન્મ તારીખ ૦૨/૦૩/૨૦૦૩ જણાવેલ છે અને અકસ્માત તા.૦૯/૦૮/૨૦૨૪ હોય જે ધ્યાને લેતા તથા સામાવાળા તરફે આ બાબતે કોઈ વાંધો લેવામાં આવેલ ના હોય અરજદારની ઉંમર અકસ્માત સમયે ૨૧ વર્ષની હોવાનું ઠરાવવામાં આવે છે.

૧૦.૨ આ કામના અરજદાર ધ્વારા સામાવાળા અરજદારને માસીક રૂ. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) પગાર ચુકવતા હોવાની હકીકત જણાવેલ છે. જે હકીકતને સામાવાળાએ ઉલટતપાસમાં ચેલેન્જ કરેલ ના હોય તેમજ અકસ્માત તારીખ ધ્યાને લેતા અરજદારની માસીક આવક રૂ. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ગણવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય આવે છે.

૧૦.૩ આ અગાઉ ચર્ચા કર્યા મુજબ બનાવ સમયે અરજદારની ઉંમર ૨૧ વર્ષ તેમજ માસીક આવક રૂ. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) હોવાનું પુરવાર થતુ હોય મુધ્દા નં.૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૧)** આ કામે મુધ્દા નં.૫ ના કારણો નીચે મુજબ છે.

૧૧.૧ આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ અરજદાર અને સામાવાળા વચ્ચે માલીક નોકરનો સંબધ હોય તેમજ અરજદારને નોકરીની ફરજ દરમ્યાન અકસ્માતે ઈજા થયેલ હોય તેમજ અરજદારની ઉંમર વર્ષ ૨૧ હોય

અને બનાવ સમયે માસીક પગાર રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) પુરવાર થતા હોય ત્યારે ગણતરી કરતી વખતે રૂ. ૧૫,૦૦૦/-× ૬૦% = રૂ. ૯,૦૦૦/- ધ્યાને લેતા તથા રીલેવન્ટ ફેકટર ૨૨૨.૭૧ તથા ૨૧ % ડીસેબીલીટી સાથે ગણતરી કરતા રૂ. ૪,૨૦,૯૨૧/- (અંકે રૂપિયા ચાર લાખ વીસ હજાર નવસો એકવીસ પુરા) નું વળતર મેળવવા કામદાર હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે. આમ, અરજદાર સામાવાળા પાસેથી વળતરની રકમ રૂ. ૪,૨૦,૯૨૧/- (અંકે રૂપિયા ચાર લાખ વીસ હજાર નવસો એકવીસ પુરા) મેળવવા હકકદાર થતા હોય મુધ્દા નં.૫ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૨)** આ કામે મુધ્દા નં.૬ ના કારણો નીચે મુજબ છે.

૧૨.૧ આ કામે અરજદારને સામાવાળાની નોકરીની ફરજ દરમ્યાન અકસ્માતે ઈજા થયેલ હોય ત્યારે સામાવાળા ધ્વારા નિયમ મુજબ વળતરની રકમ અત્રેની અદાલતમાં જમાં કરાવવાની કાયદાકીય જોગવાઈ હોય પરંતુ સામાવાળા ધ્વારા વળતરની કોઈ રકમ અત્રેની અદાલતમાં આજદીન સુધી જમાં કરાવેલ ન હોય જે ધ્યાને લેતા કામદાર સામાવાળા પાસે થી વળતરની રકમના ૨૫ % લેખે પેનલ્ટીની રકમ રૂ. ૧,૦૫,૨૩૦/- (અંકે રૂપિયા એક લાખ પાંચ હજાર બસો ત્રીસ પુરા) મેળવવા તથા અરજદારની ઈજા ધ્યાને લેતા મેળવવા હકકદાર હોવાનું જણાય આવે છે. વધુમાં આ કામે કામદાર વળતર અધિનિયમની કલમ-૪(એ) ની કાયદાકીય જોગવાઈ મુજબ જયારે માલીક વળતરની રકમ ન ચુકવે ત્યારે કામદાર માલીક પાસેથી વ્યાજ મેળવવા હકકદાર થતા હોય તેની કાયદાકીય જોગવાઈ જોતા અરજદાર વળતરની રકમ પર અકસ્માત તા.૦૯/૦૮/૨૦૨૪ થી રકમ

ચુકવ્યા સુધીનું ૧૨ % વ્યાજ મેળવવા હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે. આમ, અરજદાર સામાવાળા પાસેથી વળતરની રકમ પર અકસ્માત તા.૦૯/૦૮/૨૦૨૪ થી રકમ ચુકવ્યા સુધીનું ૧૨ % વ્યાજ મેળવવા હકકદાર થાય છે.

૧૨.૨ આ કામે અરજદારને સામાવાળાની બેદરકારીના કારણે હાલની અરજી કરેલ હોય જે ઘ્યાને લેતા આ કામે આમ, અરજદાર સામાવાળા પાસેથી અરજી ખર્ચના રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) મેળવવા હકકદાર થતા હોવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.

૧૨.૩ આમ, અરજદાર સામાવાળા પાસેથી વળતરની રકમ રૂ. ૪,૨૦,૯૨૧/- (અંકે રૂપિયા ચાર લાખ વીસ હજાર નવસો એકવીસ પુરા) તથા પેનલ્ટીની રકમ રૂ. ૧,૦૫,૨૩૦/- (અંકે રૂપિયા એક લાખ પાંચ હજાર બસો ત્રીસ પુરા) તથા વળતરની રકમ ઉપર અકસ્માત તા.૦૯/૦૮/૨૦૨૪ થી રકમ ચુકવ્યા સુધીનું ૧૨ % વ્યાજ મેળવવા હકકદાર થતા હોય તેમજ અરજી ખર્ચના રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) મેળવવા હકકદાર થતા હોય મુદ્દા નં.૬ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૩)** આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ તમામ મુદ્દાઓના કારણો ઘ્યાને લેતા મુદ્દા નં.૭ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) અરજદારની હાલની વળતર અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર **સંજયભાઈ કાળાભાઈ ભાભોર** સામાવાળા **શ્યામ સિમેન્ટ બીગબ્લોક કન્ટ્રકશન ટેકનોલોજી પ્રા. લી.** કંપની પાસેથી વળતર ના રૂ. ૪,૨૦,૯૨૧/- (અંકે રૂપિયા ચાર લાખ વીસ હજાર નવસો એકવીસ પુરા), પેનલ્ટીની રકમ રૂ. ૧,૦૫,૨૩૦/- (અંકે રૂપિયા એક લાખ

પાંચ હજાર બસો ત્રીસ પુરા) તેમજ વળતરની રકમ પર અકસ્માત તા.૦૯/૦૮/૨૦૨૪ થી વળતરની રકમ કોર્ટમાં જમાં થયા સુધી ૧૨ % વાર્ષિક વ્યાજ તથા અરજી ખર્ચના રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) મેળવવા હકકદાર થાય છે.

**(૩)** આ કામે સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે આ હુકમની જાણ થયાના દિન–૩૦ માં અરજદારને ચુકવવા પાત્ર થતી વળતર, વ્યાજ, પેનલ્ટી તથા અરજી ખર્ચની રકમ અત્રેની કચેરીમાં **જજ લેબર કોર્ટ, દાહોદ** ના નામનો **ચેક/ડ્રાફટ** થી જમાં કરવાની રહેશે.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૮/૨૦૨૬
દાહોદ.

(પ્રગ્નેશ સુધિરચંદ્ર સુચક)
કમિશનર
કર્મચારી વળતર ધારો
મજુર અદાલત, દાહોદ.
જિજે–૦૧૧૧૮.